ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૬/૨૩-૨૪/ 342. તારીખ : 15 APR 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.ગણેશ ફાસ્ટનર્સ,**
પ્લોટ નં-૩૦૦૩, ફેઈઝ-૪,
જીઆઈડીસી,
મું.વઢવાણ,
તા.જી.સુરેન્દ્રનગર-૩૬૩૫૩૦

કેસ નં.૮૬/૨૩-૨૪

મો.નં- ૯૦૯૯૬ ૬૦૦૧૦

**વિષય : વીજભાર વધારાનું અંદાજપત્ર રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૦૨/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૮/૦૨/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૩-૨૪/૧૮૨ તા.૨૯/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૩-૨૪/૨૬૪ તા.૨૨/૦૩/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૪/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર-૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૬/૨૩–૨૪** ☜

**વાદી** :– **મે.ગણેશ ફાસ્ટનર્સ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૪/૦૪/૨૦૨૪** ◈

હાજર રહયા :– શ્રી ભાવેશભાઈ ખીમજીભાઈ વિરમગામા **(વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**
**પ્રતિવાદી** :– શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.ગણેશ ફાસ્ટનર્સ, મું.વઢવાણ, તા.જી.સુરેન્દ્રનગરની વીજભાર વધારાનું અંદાજપત્ર રદ કરવા બાબતની રજુઆત **કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ** નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : **૮૬/૨૩–૨૪ થી નોંધી** તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર **નં.બીઝેડ/ફોરમ/૮૬/૨૩–૨૪/૧૮૨** તા.૨૯/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, **ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ** બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ **ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં,** વાદી મે.ગણેશ ફાસ્ટનર્સ વતી તેમના **અધિકૃત પ્રતિનિધિ શ્રી ભાવેશભાઈ ખીમજીભાઈ વિરમગામા હાજર** રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ વી ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર ઉપસ્થિત** રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે.ગણેશ ફાસ્ટનર્સ, ગ્રાહક નં–૭૨૬૦૧/૨૦૬૫૭/૮ થી પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ ખાતે હાલ ૬૮ કિ.વો નુંઔધોગીક વિજ જોડાણ ધરાવે છે. તેઓ સદર વિજ જોડાણ તા.૦૪/૦૫/૨૦૧૭ થી ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ ૨૦૨૦–૨૧ ના વર્ષમાં વીજ વપરાશ વધુ જતા તે મુજબ ૬૮ કિ.વો નો વીજ ભાર કરવા માટે તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ વીજ કચેરી દ્વારા રૂા.૧,૩૭,૨૩૬/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે અંદાજપત્રની રકમ ભરપાઈ કરી ૬૮ કિ.વો નો વધારો કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીની રજૂઆત છે કે, તેઓ ૨૦૨૦–૨૧ ના વર્ષમાં ૬૮ કિ.વો નો વીજભાર વધારો કરવા છતાં વીજ કચેરી દ્વારા વર્ષ–૨૦૨૨ માં ત્રણ વખત વીજભાર વધુ આવેલ છે. તો નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ માં વીજભાર વધારે આવેલ નથી. તેમજ અમોને વીજ ભાર વધારો કરવાની જરૂરીયાત પણ નથી.

૧.૪ વાદીની રજૂઆત છે કે, અમારો વીજભાર ૨૦૨૩–૨૪ માં પણ ૩૫ કિ.વો થી નીચે રહેલ છે. વીજ કચેરી દ્વારા અમાને ૬૮ કિ.વો માંથી ૭૭ કિ.વો ના વીજભાર વધારા માટેનું રૂા.૬૦૦૫૦/– નું અંદાજપત્ર આપવામાં આવેલ છે. જેમાંથી અમોને મુક્તિ આપવા કે રદ કરવું તેમ જણાવે છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદી શ્રી મે.ગણેશ ફાસ્ટનર્સ, ગ્રાહક નં–૭૨૬૦૧/૨૦૬૫૭/૮ થી પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ ખાતે ૪૩ કિ.વો નું ઔધોગીક વીજ જોડાણ તા.૦૪/૦૫/૨૦૧૭ થી ધરાવે છે.

૨.૨ વાદીએ નાણાંકીય વર્ષ–૨૦૨૦–૨૧ ના વર્ષમાં વીજ વપરાશ વધુ થતાં તેમને સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ ૪૩ કિ.વો માંથી ૬૮ કિ.વો નો વીજભાર નો વધારો કરવામાં આવેલ હતો. જે માટે તેમના દ્વારા તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ વીજ કચેરી દ્વારા રૂા.૧૩૭૨૩૬/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે અંદાજપત્ર વાદીએ ભરપાઈ કરેલ હતું. જેના અનુસંધાને વીજ કચેરી દ્વારા વાદીના વીજ જોડાણમાં ૪૩ કિ.વો માંથી ૬૮ કિ.વો નો વધારો તા.૧૫/૦૨/૨૦૨૩ ના રોજ થી કરી આપવામાં આવેલ હતો.

૨.૩ ત્યારબાદ, વાદીએ નાણાંકીય વર્ષ–૨૦૨૨–૨૩ માં સપ્ટે–૨૨ માં ૬૫.૭, ઓકટો–૨૨ માં ૭૫.૯, નવે–૨૨ માં ૮૨.૦ અને ડિસે–૨૨ માં ૮૪.૪ નો વીજભારનો વપરાશ નોંધાયેલ છે. જે લેજરમાં પણ જોવા મળે છે. જે અન્વયે, સપ્લાય કોડ ની શરત ૪.૯૫ મુજબ વાદીને નવો વિજભાર ૬૮ કિ.વો માંથી ૭૭.૦૦ કિ.વો નો વીજભાર વધારો કરવા માટે સુરેન્દ્રનગર શહેર –૨ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. જે સમયે વાદી દ્વારા ૪૩ કિ.વો માંથી ૬૮ કિ.વો નો વધારો કરવામાં આવેલ હતો. જેથી વધારાના વીજ ભાર તફાવતનો ૬૮ માંથી ૭૭.૧૨ કિ.વો કરવા માટે હાલ કુલ ૧૦ કિ.વો નો વધારો કરવાનો થાય છે.

૨.૪ સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૯૫ મુજબ સદર ગ્રાહકને વીજભાર વધારો કરવાનો થાય છે.

'' સપ્લાય કોડ ની શરત નં–૪.૯૫ મુજબ માંગ આધારીત એલ.ટી.વીજ જોડાણના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫ % કે તેથી વધુ કરાર માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩૦ દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ.મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે.''

૨.૫ વાદીએ વીજભાર વધારા માટેની નોટીસ મળ્યા બાદ વીજભાર વધારવા માટે કોઈપણ અરજી કરેલ નહી હોવાથી સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ અંદાજપત્ર આપવા માટેની કામગીરી કરવામાં આવેલ હતી.

૨.૬ વાદીને વીજ ભાર કરતા વધુ વીજ ભારનો વીજ વપરાશ કરેલ હોવાથી પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ દ્વારા પત્ર નં–૮૭૫૫ તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ વાદીને રૂા.૬૦૦૫૦/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે વાદીએ ભરવાનું થાય છે. આમ, વાદીએ હાલમાં ગયા વર્ષના તફાવતનો વીજ ભાર ૧૦ કિ.વો કરવાનો થાય છે. જે આપ સાહેબશ્રીની જાણ સારૂં.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી મે.ગણેશ ફાસ્ટનર્સ, મું.વઢવાણ દ્વારા તેમના એલટીએમડી કનેકશન નં–૭૨૬૦૧/૨૦૬૫૭/૮ માં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ લોડ વધારા અંગેનું અંદાજપત્ર રૂા.૬૦,૦૫૦/– સામે વાંધો ઉપસ્થિત થતાં ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજની રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં, બંને પક્ષો એ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ, વાદી ૬૮ કિ.વો નું ઔધોગીક વીજ કનેકશન તા.૧૫/૦૨/૨૦૨૩ થી ધરાવે છે. તેમજ વર્ષ ૨૦૨૨–૨૩ માં માહે સપ્ટે–૨૨ માં ૬૫.૭, ઓકટો–૨૨ માં ૭૫.૯, નવે–૨૨ માં ૮૨.૦ અને ડિસે–૨૨ માં ૮૪.૪ નો લોડનો વપરાશ માલૂમ પડેલ છે. જેને લીધે વધારાના વીજભાર ૭૭.૧૨ એવરેજ ની સામે ૧૦ કિ.વો નો લોડ વધારો કરવાનો થતો હોઈ પ્રતિવાદી દ્વારા તા.૨૨/૧૧/૨૦૨૩ ના પત્રથી રૂા.૬૦,૦૫૦/– નું અંદાજપત્ર વાદીને આપવામાં આવેલ છે. વાદી દ્વારા આ અગાઉ પણ જ્યારે તેમનો કરારીત વીજભાર ૪૩ કિ.વો હતો ત્યારે પણ કરારીત કરતા વધુ વીજભાર વર્ષમાં ચાર થી વધુ વખત કરતા પ્રતિવાદી દ્વારા રૂા.૧,૩૭,૨૩૬/– નું અંદાજપત્ર આપવામાં આવેલ.જે તા.૧૩/૦૨/૨૦૨૩ ના રોજ ભરી વાદીએ ૬૮ કિ.વો નો નવો કરારીત વીજભાર ધરાવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ વાદી દ્વારા આજરોજની રૂબરૂ સુનાવણી માં જણાવેલ છે કે, વર્ષ ૨૦૨૩–૨૪ માં તેમનો વીજભાર એવરેજ ૩૫ કિવો થી નીચે રહેલ છે. તથા હવે તેઓને વધારે લોડ વધારાની જરૂર નથી, માટે અંદાજપત્ર રદ કરવું.

૩.૫ રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદીના લોડ વધારા અંગેની કરવામાં આવેલ બીલીંગની કાર્યવાહી જીઈઆરસી ના સપ્લાય કોડ–૨૦૧૫ ની કલોઝ–૪.૯૫ મુજબ ની અને નિયમોનુસાર છે.

૩.૬ આ તબક્કે પ્રતિવાદીની વડી કચેરી રાજકોટ ના પત્ર ન. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**" In such cases, we may allow such consumers with their current cotrract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contrct demand, consumer has to regularize its contract demand."**

૩.૭ ઉપરોક્ત મુજબની **તમામ વિગતો અને પત્રવ્યવહાર** તેમજ રજુઆતોને ધ્યાને લેતા અરજદારે પોતાનું વીજજોડાણ પીજીવીસીએલ **દ્વારા અપાયેલ એસ્ટી**મેટ ભરપાઈ કરીને ગણતરી કરેલ લોડ મુજબ રેગ્યુલરરાઈઝ કરવાનું રહેશે અથવા **લોડ મુજબ** બે વર્ષ નો મીનીમમ ચાર્જ ભરપાઈ કરીને, ઉપરોક્ત ૩.૬ ની વિગતે બાહેંધરીપત્ર રજુ કરી લોડ **મેઈન્ટેનન** કરવાનો રહેશે. આ સમગ્ર પ્રક્રિયા દિન – દસ માં પૂર્ણ કરવાની રહેશે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રી જે.એમ મહેતા)** | **(..............)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૦૪/૦૪/૨૦૨૪.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar